#081

🧍 ♂One vs Many

ટીમવર્ક વગર સફળતા અધૂરી છે…

એક વ્યક્તિ ઝડપથી જઈ શકે, પણ એક ટીમ દૂર સુધી જઈ શકે.
જીવનમાં આપણે કેટલા પણ ટેલેન્ટેડ હોઈએ, પરંતુ એકલા બધું જ શક્ય નથી.

વિચાર કરો — કોઈ ફેક્ટરીમાં Electrical Engineer હોય, Technician હોય, Operator હોય…
બધા સાથે કામ કરે ત્યારે જ મશીન ચાલે છે. એક પણ વ્યક્તિ જો ખૂટે, તો સિસ્ટમ અટકી જાય.

ટીમવર્ક આપણને શીખવે છે:
“હું નહીં… અમે”
“મારી જીત નહીં… અમારી જીત”

સાચું ટીમવર્ક એ છે —
જ્યારે એક વ્યક્તિ થાકી જાય, ત્યારે બીજો તેને ઉપાડે છે, જ્યારે કોઈ ભૂલ કરે, ત્યારે ટીકા નહીં, પણ સપોર્ટ મળે.

મિત્રો યાદ રાખીએ:
એકલી ઈંટથી ઘર નથી બનતું,
પણ ઘણી ઈંટો સાથે મળે ત્યારે મહેલ ઊભો થાય છે.

એટલે
“ટીમને સાથે લઈને જ આગળ વધવાનો પ્રયત્ન કરીએ..”

કારણ કે…
સાચી સફળતા એ નથી કે આપણે કેટલા ઊંચા ગયા,
પણ એ છે કે આપણે કેટલાને સાથે લઈને ઊંચા ગયા.